Gujarat Samachar (Plus)

October 27, 2017
Pg.2

EDII

# CITY NEWS

# 'સ્ટાર્ટ-અપ્સ'ને સપોર્ટ કરવા બદલ EDIIને એવોર્ડ એનાયત કરાયો

ઉદ્યોગસાહસિકતાનાં શિક્ષણ, સંશોધન, તાલીમ અને સંસ્થાકીય નિર્માણ માટે પ્રસિદ્ધ રાષ્ટ્રીય સ્રોત સંસ્થા આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ)ને સ્ટાર્ટ-અપ્સને સાથ સહકાર આપવા માટે પ્રતિષ્ઠિત ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન (એઆઈસીટીઈ) એવોર્ડ પ્રાપ્ત થયો છે. ચેન્નાઈમાં ઈન્ટરનેશનલ સાયન્સ ફેસ્ટિવલની સ્ટાર્ટ-અપ સમિટ દરમિયાન તેમનાં કેમ્પસમાં ઈનોવેશન અને સ્ટાર્ટ-અપ્સને પ્રોત્સાહન અને સમર્થન આપવા ભારતની શૈક્ષણિક અને સંશોધન સંસ્થાઓમાં ઉત્કૃષ્ટ સફળતાને બિરદાવવા એઆઈસીટીઈ એવોર્ડ એનાયત થાય છે. સમિટ તેની રાષ્ટ્રવ્યાપી સ્ટાર્ટ-અપ કન્ટેસ્ટ મારફતે આગામી વિવિધ સ્ટાર્ટ-અપ્સને માન્યતા પણ આપે છે. આ અંગે ઈડીઆઈઆઈનાં ડિરેક્ટર ડો. સુનિલ શુક્લાએ કહ્યું હતું કે, 'પ્રતિષ્ઠિત એઆઈસીટીઈ એવોર્ડ સન્માન અમારાં માટે ગર્વની ક્ષણ છે. અમારો અભ્યાસક્રમ નવા વ્યવસાયો ઊભાં કરવા અને વિદ્યાર્થીઓને ગ્રેજ્યુએશન પછી નવા સાહસો શરૂ કરવા સાથે સંબંધિત છે. અમે બિઝનેસ ઈન્ક્યુબેશન સેન્ટર, સેન્ટર ફોર એડવાન્સિંગ એન્ડ લોંચિંગ એન્ટરપ્રાઈઝીસ (ક્રેડલ) પણ શરૂ કર્યો છે.